ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# શહેરના મુખ્ય માર્ગોની બાજુમાં ગંદકીના ઢગ

## દુકાનો અને મકાનોમાંથી નખાતો કચરો કોહવાઈ રહ્યો છે, કચરો ન ઉપાડતા પરિસ્થિતિ સર્જાઈ

ગાંધીનગર, તા. ૨૯

શહેરમાં ગંદકીના ઢગ ઠેર ઠેર





(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ખડકાયેલા જોવા મળી રહ્યા છે. મુખ્ય માર્ગોની બાજુમાં શોપીંગ અને રહેણાંક વિસ્તારોમાંથી ઠલવાતો કચરો વરસાદી પાણીથી કોહવાઈ જઈ દુર્ગંધ મારી રહ્યો છે અને રોગચાળાને આમંત્રિત કરી રહ્યો છે છતાં તંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી ત્યારે સ્થાનિક લોકોની જાગૃતિનો અભાવ પણ અહીં સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. તંત્ર દ્વારા શરુ કરવામાં આવેલ કચરો એકત્ર કરતી વાનનો ઉપયોગ પણ ન થતો હોવાનું દેખાઈ રહ્યું છે. તેથી સફાઈ માટે દંડાત્મક કાર્યવાહી જ એક માત્ર ઉપાય રહ્યો હોય તેવું લાગી રહ્યું છે.

ગાંધીનગર મનપાના અસ્તિત્વ પછી સરકાર દ્વારા એક માત્ર સફાઈ કામગીરી પાલિકાનો આપવામાં આવી છે. પાલિકા બન્યા પછી શહેર અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે તમામ માર્ગોની બાજુમાં ગંદકીનું સામ્રાજય સ્થપાઈ ગયું છે. વરસાદી પાણીથી કોહવાટ થકી દુર્ગંધ ફેલાઈ રહી છે. જેથી અમુક વિસ્તારોમાં રોગચાળાનું સંકટ પેદા થયું છે. માર્ગોની બાજુમાં આવેલા શોપીંગ સેન્ટરો, રહીશો કચરા પેટીનો ઉપયોગ ન કરતા ખુલ્લામાં નાખી રહ્યા છે સફાઈ કામદારો ફકત એક જ જગ્યાએથી કચરો એકત્ર કરે છે જેથી કચરાના ઉકરડા બની રહ્યા છે.

તાજેતરમાં પાલિકાના કમિશનર પદે આરુઢ થયેલા જી.આર. ચૌધરીએ શહેરને સ્વસ્થ અને સ્વચ્છ બનાવવા અભિયાન શરુ કર્યું છે. જેના પ્રથમ ચરણમાં ઘેર ઘેર કચરો એકત્ર કરતી વાન શરુ કરાઈ છે તેને ગૃહિણીઓએ આવકારી છે. પરંતુ માર્ગોની બાજુમાં શોપીંગો થકી ઉભો થતો કચરો જેનો નિકાલ થતો નથી. વધુમાં ઈન્ફોસિટીથી સરગાસણ જતા માર્ગની બાજુમાં તો વાહન લઈને નિકળવું એટલે માંદગીને સાથે લાવવી.

# અસહ્ય ઉકળાટ બાદ સાંજે વરસાદી ઝાપટું



(તસવીર : દિપક જાની)

## મોડી સાંજે આકાશમાં ઘનઘોર વરસાદી વાદળો ઘેરાયા

ગાંધીનગર, તા.૨૯

અસહ્ય ઉકળાટના અંતે શહેરમાં મોડી સાંજે વરસાદનું ભારે ઝાપટું પડયું હતું. આકાશમાં અંગડાઈ લેતા ઘનઘોર વાદળો વરસી પડયા હતા. જેના લીધે વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી હતી. દિવસના અસહ્ય બફારા બાદ સાંજે વરસાદે દેખા દેતા નગરજનોએ હાશકારો અનુભવ્યો હતો.

આજે દિવસ દરમિયાન આકાશમાં વાદળોની અવર જવર વચ્ચે વાતાવરણમાં અસહ્ય ઉકળાટ વર્તાતો હતો. દિવસે વરસાદની ગેરહાજરી વચ્ચે બફારો વધતા નગરજનો ઉકળાટથી બેહાલ બની ગયા હતા. છેલ્લા ૨૪ કલાકથી વરસાદના વિરામના લીધે વાતાવરણમાં ભેજના પ્રમાણની સાથે બફારાનું પ્રમાણ વધી ગયું હતું. જો કે મોડી સાંજે વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. આકાશમાં અચાનક કાળા ડીબાંગ વાદળો ઘેરાઈ આવ્યા હતા. નભમાં નિખરતા વરસાદી વાદળો આખરે વરસાદનું ભારે ઝાપટું વરસાવી ગયા હતા. વરસાદી ઝાપટાના લીધે શહેરના રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા જયારે વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી હતી.ગરમીથી ત્રસ્ત નગરજનોએ વરસાદની મજા માણી હતી. જો કે થોડીવારનું ઝાપટું વરસાવી મેઘરાજાએ વિદાય લેતા વાતાવરણમાં ફરી બફારાએ જોર પકડયું હતું.

# જિલ્લામાં વન વિભાગ દ્વારા ૫૯.૩૫ લાખ રોપાઓનું વિતરણ કરાશે

## ખાતાકીય અને ખાસ અંગભુત કિસાન નર્સરી સહીત ૬૫ નર્સરીમાંથી વિતરણની યોજના

ગાંધીનગર, તા. ૨૯

ચોમાસુ સાનુકુળ બનતા ખેડૂતોમાં હર્ષની લાગણી વ્યાપી છે. મેઘમહેરના અંતે હરિયાળી નિખરી છે. ત્યારે વન વિભાગ દ્વારા પણ રોપાઓની વાવણી પ્રક્રીયા તેજ બનાવી દેવાઈ છે. આ ઉપરાંત નર્સરીકક્ષાએથી પણ રોપા વિતરણ યોજના શરૂ કરી દેવાઈ છે. વર્ષ ૨૦૧૪-૧૫ ના રોપા વિતરણની યોજના અન્વયે ગાંધીનગર વન વિભાગની વિવિધ ૬૫ નર્સરીઓ દ્વારા ૫૯.૩૫ લાખ રોપાઓનું વિતરણ કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરાયો છે.

ચોમાસાને અનુલક્ષી ગાંધીનગર વન વિભાગ વિસ્તારમાં ૯ લાખ જેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવનાર છે. ગાંધીનગર વન વિસ્તારમાં ૯૪૩ હેક્ટરમાં વૃક્ષોનું વાવેતર કરવાનું આયોજન કરાયું છે. આ અન્વયે ૬૦ ટકા કામગીરી પૂર્ણ કરી દેવાઈ છે. જો કે આ વખતે વરસાદના વિલંબના લીધે વૃક્ષોના વાવેતરની કામગીરી ઉપર પણ માઠી અસર વર્તાઈ છે. જિલ્લા અને રાજ્ય કક્ષાના વન મહોત્સવની તૈયારીઓ પણ હાથ ધરાઈ છે. બીજી તરફ વન વિભાગ દ્વારા નર્સરી કક્ષાએથી પણ રોપા વિતરણની કામગીરી તેજ બનાવી દેવાઈ છે. જેમાં ખાતાકીય ઉપરાંત કિસાન, મહીલા તેમજ શાળા અને સંસ્થાકીય નર્સરીઓમાંથી રોપાઓનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. ગાંધીનગર વન વિભાગ વિસ્તારની કુલ ૬૫ નર્સરીઓમાંથી એકંદરે ૫૯.૩૫ લાખ રોપાઓનું વિતરણ કરવાનો લક્ષ્યાંક નિયત કરવામાં આવ્યો છે.

## જિલ્લાની પ્રત્યેક શાળાઓમાં ૫૦ રોપાઓનું વાવેતર કરાશે

### નિર્મળ શાળા અભિયાન અન્વયે ડી.ઈ.ઓ.એ સૂચના આપી

ગાંધીનગર, તા. ૨૯

નિર્મળ શાળા અભિયાન અન્વયે જિલ્લાની તમામ શાળાઓમાં વૃક્ષારોપણ કરવામાં આવશે. ચારેય તાલુકાઓની માધ્યમિક શાળાઓમાં પણ રોપાઓનું વાવેતર કરવા જિલ્લા શિક્ષણાધિકારીએ સૂચના આપી છે. જે અન્વયે પ્રત્યેક શાળાઓમાં ૫૦ રોપાઓનું વાવેતર કરવામાં આવશે.

સ્વચ્છ વિદ્યાર્થી સ્વસ્થ વિદ્યાર્થીના અભિગમ સાથે જિલ્લાની શાળાઓમાં નિર્મળ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાન અન્વયે શાળામાં પ્રથમ વિદ્યાર્થી સ્વચ્છ રહે તેમજ શાળાના વર્ગખંડો, મેદાન સહીત સમગ્ર શાળા સંકુલને નિર્મળ બનાવવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. જેને અનુલક્ષી શાળા કક્ષાએ વિવિધ સમિતિઓ પણ બનાવવામાં આવી છે. આ અભિયન અન્વયે વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો સહીત શાળાઓના સમગ્ર સ્ટાફને જવાબદારી સોંપવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## ખૂણે... ...ખાંચરેથી

- માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ પૂરક પરીક્ષાનું પરિણામ ૩૧મીએ જાહેર થશે.
- રાજયના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે ભાજપની મહિલા કાર્યકરોને રક્ષાબંધન પર્વે વડાપ્રધાનને દિલ્હી રાખડી મોકલવા અપીલ કરી છે.
- 'બહુ હોગી રિટાયર્ડ' કેન્દ્રના રાજય માનવ સંશાધન મંત્રી સ્મૃતિ ઈરાની બોલીવુડ-ટેલિવુડમાંથી નિવૃત્તિ લેવાનું વિચારી રહ્યા છે તેઓ ગુજરાતના રાજયસભાના સાંસદ છે.
- ગાંધીનગર શહેરમાં આ વખતે લીમડાના રોપાનું વિતરણ સારુ એવું થઈ રહ્યું છે.
- ગાંધીનગર શહેરના જાહેર સ્થળો પર ગંદકીનું પ્રમાણ વધુ જોવા મળી રહ્યું છે તેમજ પાણીના ખાબોચિયા પણ જોવા મળી રહ્યા છે.

# શહેર વસાહત મહામંડળ નગરના ૫૦મા જન્મદિનની અનોખી ઉજવણી કરશે

## પ્રથમ પ્લોટ ધારકો, જમીન આપનારા ખેડૂતો, શિક્ષકોનુ સન્માન, ઝૂંપડાના શ્રમિકો માટે મનોરંજનનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરના ૫૦મા સ્થાપના દિનની ઉજવણી અન્વયે શહેર વસાહત મહામંડળ દ્વારા અનોખા અને પ્રેરણાદાયી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૨ ઓગષ્ટના રોજ નગરના જન્મ દિવસની ઉજવણી અંતર્ગત દર વર્ષની જેમ જી.ઈ.બી. ગેસ્ટહાઉસ જ્યાં નગરની પ્રથમ ઈંટ મુકાઈ હતી તે સ્થળે કેક કાપીને જન જાગૃતિ રેલીનું પ્રસ્થાન કરવામાં આવશે. આ ઉપરાંત ખેતીની જમીન પર અસ્તિત્વ ધરાવતા શહેરને ધ્યાને લઈ આસપાસના ગામોના ખેડૂતોનુ પણ સન્માન કરવામાં આવશે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બૂચે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે નગરના ૫૦મા સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે સંસ્થા દ્વારા જાગૃતિલક્ષી કાર્યક્રમો યોજવામાં આવશે. જે અન્વયે ઘ-૫ સર્કલ પાસે સે. ૧૬ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ રવિશંકર મહારાજ પાસેની પ્રતિમા પાસેથી નગરજનોનું અભિવાદન કરશે. આ તબક્કે નગરની પ્રથમ ખાનગી શાળાઓ કડી સંકુલ, માઉન્ટ કાર્મેલ, સેન્ટ ઝેવિયર્સના વિદ્યાર્થીઓ પણ ઘ-૬, ઘ-૩ અને ઘ-૫ સર્કલ પરથી નાગરિકોનું અભિવાદન કરશે. નગરના અસ્તિત્વ માટે જમીન આપનારા ખેડૂતો, પ્રથમ પ્લોટ ખરીદનારા ૫૦ નાગરીકો, શાળાના આચાર્યો અને શિક્ષકોનું પણ સન્માન કરવામાંઆવશે. આ ઉપરાંત ગુજરાતના નાગરિકોની નિષ્ઠાભરી સેવાના સંકલ્પ કરવા આવેલા કોઈપણ અરજદારો નિરાશ થઈને ન જાય તે માટે શપથગ્રહણનો કાર્યક્રમ હાથ ધરાશે. વધુમાં ઝૂંપડપટ્ટીમાં રહેતા શ્રમિકોને મનોરંજનની તક મળતી નથી જેને ધ્યાને લઈ શ્રમિકો માટે મનોરંજનલક્ષી કાર્યક્રમો હાથ ધરવામાં આવશે. જ્યારે સ્થાપના દિનની યાદગીરી રૂપે 'માયસ્ટેમ્પ' યોજના અંતર્ગત શહેર વસાહત મહામંડળ દ્વારા પોસ્ટલ સ્ટેમ્પનું પણ લોકાર્પણ કરવામાં આવશે.



(તસવીર : કશ્યપ નિમાવત)

ઈન્ટર કલ્ચરલ પ્રોગ્રામ - એ.એફ.એસ. દ્વારા ચલાવાતા આ અનોખા પ્રોજેક્ટ હેઠળ અમેરિકાના ડેનીયલ હેરીસ, ઈટાલીના એલેસાન્ડ્રો જેનાની અને ઈન્ડોનેશીયાના જોર્ડન સેતેયુએ ગાંધીનગરમાં અભ્યાસ શરૂ કર્યો છે. શિક્ષણ - સાંસ્કૃતિક વિનિમયના આ અનોખા પ્રકલ્પ હેઠળ આ ત્રણેય વિદેશી વિદ્યાર્થીઓ ગાંધીનગરના વિદ્યાર્થીઓ સાથે પાટલી પર બેસી એમ.બી. પટેલ વિદ્યાલયમાં અભ્યાસ કરી રહ્યા છે. તે પણ આપણા ગુજરાતની સાંસ્કૃતિક પરંપરા મુજબ રંગલાનો કાર્યક્રમ હોય કે દોહા-ભજનની રજૂઆત હોય ત્યારે ઓતપ્રોત બની જાય છે...

# સેક્ટર-૭ પોલીસે બે રીઢા બાઈકચોરને ઝડપી પાડ્યા

## ગાંધીનગરમાંથી ચાર બાઈકો સહિત સાત વાહન ચોરી કર્યા હોવાની કબૂલાત

ગાંધીનગર,તા.૨૯

ગાંધીનગર સે-૭ પોલીસની ટીમે બાતમીને આધારે બે શખ્સોને ચોરીના બાઈક સાથે પકડી પાડ્યા છે. બંને શખ્સોએ મળીને વાહનો



ચોર્યા હોવાની વિગતો ખુલતા બંનેની ધરપકડ કરી લીધી છે. આ મામલે પૂછપરછ કરતા ગાંધીનગરમાંથી ચાર બાઈકો મળીને અત્યાર સુધી કુલ સાત વાહનો ચોર્યા હોવાની કબુલાત કરી છે. પોલીસે બંનેની ધરપકડ કરીને ડી પૂછપરછ શરુ કરી છે. સઘન પૂછતાછમાં વધુ વાહનચોરીના ભેદ ઉકેલાય તેવી શક્યતા પોલીસે વ્યક્ત કરી છે.

ગાંધીનગર સે-૭ પી.આઈ જે.એમ.ભરવાડની ટીમના પી.એસ.આઈ વી.યુ.ગડરિયા તથા અન્ય માણસો શહેરમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન મળેલી બાતમીને આધારે ટીમે બનાસકાંઠા જીલ્લાના ભાભોર તાલુકા વિસ્તારમાં સ્થિત બેસના ગામના મોગજી માધાજી ઠાકોર અને કરશન પટેલ મળીને બે શખ્સોને ચોરીના બાઈક સાથે ઝડપી પાડ્યા છે. આરોપીઓની ધરપકડ કરીને પૂછપરછ કરતા તેમણે ગાંધીનગર વિસ્તારમાંથી ચાર બાઈક ચોરી કરી કોવાની અને અન્ય વિસ્તારોમાંથી ત્રણ મળીને કુલ સાત બાઈકો ચોરી કરી હોવાની સનસની કબુલાત કરી લીધી છે.

# જિલ્લાઓના રાજ્ય કેન્દ્ર સરકાર સાથેના પડતર પ્રશ્નો અંગે પોર્ટલ શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૨૯

રાજ્યના જિલ્લા કક્ષાના રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર સાથેના પડતર પ્રશ્નો ઉપર ધ્યાન કેન્દ્રીત કરવા અને આ માટે એક પોસ્ટલ શરૂ કરવાની દિશામાં રાજ્ય સરકારે સક્રિય વિચારણા હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં જિલ્લાના અનેક પ્રશ્નો એવા છે કે જે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર સાથે પડતર છે. આ પ્રશ્નો પરત્વે પુરતુ ધ્યાન આપવામાં આવતુ ન હોવાને કારણે કેટલાક જિલ્લાઓના આવા પ્રશ્નો લાંબા સમય સુધી પડતર રહે છે. અને સ્થાનિક લોકોને મુશ્કેલીઓ વેઠવી પડે છે.

જિલ્લાના આવા પડતર પ્રશ્નો અંગે તાજેતરમાં એક ઉચ્ચ અધિકારીઓની બેઠક મળી હતી.

● અનુસંધાન પાન-૭ પર

ભાડે આપવાનું છે

સેક્ટર-૨૬, જી.આઈ.ડી.સી., વિડીયોકોનની પાછળ, કુલ-૪૨૦૦ ચો. ફુટ હોલ(કારપેટ) ૩૦ એચ.પી. લાઈટ કનેક્શન સાથે, ગોડાઉન તથા ઈન્ડર્સ્ટીઝ માટે

ફોન : ૯૮૨૪૨ ૩૭૦૦૮

ભાડે આપવાનું છે

(ઈન્ડસ્ટ્રીઝ તથા ગોડાઉન માટે)

પ્લોટ નં. ૧૦૧/૧/૪, પ્રાઈમ લોકેશન, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, સેક્ટર-૨૮ના બગીચાની સામે, બેઝમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, ફર્સ્ટ ફ્લોર, કુલ ૫૧૦૦ ચો.ફૂટ (કારપેટ) જલારામ આઈસની સામે, ઉમા વે-બ્રીજના ખાંચામાં

ફોન : ૯૮૨૪૨ ૩૭૦૦૮



સ્પેશિયલ નવરાત્રી બેચ

૧ ઓગસ્ટથી શુભારંભ

દોઢીયું • પોપટીયું
કચ્છી • કાઠિયાવાડી તથા
રાસ-ગરબાની
અવનવી સ્ટાઈલ શીખો..

ગરબાની વિવિધ સ્ટાઈલની
વિધિવત તાલીમ ઉપરાંત
પનઘટના અનેક સ્ટેજ શૉમાં
સામેલ થવાની તક પણ..

સમય : સાંજે ૫ થી ૭

ભાવિન પટેલ : 98790 57556

શ્રી અરવિંદ કેન્દ્ર, સ્વામીનારાયણ મંદિર પાસે, સેક્ટર-૨૩, ગાંધીનગર

પનઘટ

નામ બદલેલ છે

મારું જુનું નામ આનંદભાઈ અશોકભાઈ બારોટ હતું તે બદલીને આનંદ અશોકભાઈ બારોટ રાખેલ છે.

સરનામું :
પ્લોટ નં. ૩૮૪/૨,
સેક્ટર-૩બી, ગાંધીનગર

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com